

# Cadaver Organ Donor Ritaben Indrajeet Kumar

## Brain dead woman gives new lease of life to two

Times News Network

**Surat:** Two persons have got a new lease of life thanks to Rita Indrajeet Kumar whose organs were donated after she was declared brain dead in a city hospital.

Thirty-nine-year-old Rita fell unconscious on September 19. Her husband, Indrajeet Kumar, who works as a social security officer in a company, took her to Mahavir Trauma Hospital. She had multiple brain haemorrhages and was declared brain dead on September 26. She is survived by her husband Indrajeet and son Kaustubh, 10. Indrajeet, a native of Bihar, said his wife had once asked him to donate her organs should she die.

"She once asked me that if she were to die suddenly then I should donate her organs to help someone who needs an organ transplant to survive," Indrajeet said.

Institute of Kidney Disease and Research Centre doctors received two kidneys and liver as donation. The kidneys were transplanted in the bodies of 19-year-old Frinny Patel of Halol in Panchamahal district and 50-year-old Davalal K Chovatiya of Rajkot district. Rita's liver will be used for research by IKDRC while her eyes were accepted by Dr Praful Shiroya of Lokdrasti Chakshu Bank, Surat.



Rita Indrajeet Kumar had multiple brain haemorrhages

# Brain dead woman from Surat gives lives to three people by donating organs

Surat



A family of a 39 years old woman from Surat has helped 3 ailing patients by donating her organs after she was declared brain dead by doctors. Organ donation was done with help of NGO Donate Life.

Rita Kumar 39, a resident of M 293, Milestone [illegible] was injured at her house on September 19. She was admitted at Mahavir Trauma Center for treatment, where doctors diagnosed as Brain Hemorrhage. On September 20, doctors declared Rita as brain dead.

On learning about brain dead patient, members of Donate Life, an NGO working for organ donation, contacted family members of Rita Kumar. After learning importance of organ donation, family members decided to go for the same. Liver, two kidneys and two eyes were donated to Donate Life.

The kidneys went to the Institute of Kidney disease and research center (IKDRC) in Ahmedabad and the eyes were donated to Lokdrishti Eye Bank in Surat. IKDRC then was successful in transplanting one kidney to 10 years old Priya Patel from [illegible] and another kidney to 58 years old Babulal Chavadiya from Rajkot. Liver has been kept for research by IKDRC.

Nilesh Mandlewala, president of NGO Donate Life said: "When Rita Kumar's husband realised that the chances for his wife were non-existent, he decided to donate her organs than let her death be meaningless. That act signifies that there are people out there who are compassionate and rational, and who are willing to take steps to change someone's lives."

# अंगदान से दो को मिला नया जीवन

## ब्रेन डेड महिला की किडनी का ट्रांसप्लांट, लीवर रिसर्च के लिए

पत्रिका न्यूज़ नेटवर्क



[illegible]

### इच्छा पूरी की

[illegible]

# Brain dead woman from Surat gives lives to three people by donating organs



Surat

A family of a 39 years old woman from Surat has helped 3 ailing patients by donating her organs after he was declared brain dead by doctors. Organ donation was done with help of NGO Donate Life.

Rita Kumar 39, a resident of M-203, Milestone at Jahangirabad area fainted at her house on September 19. She was admitted at Mahavir Trauma Center for treatment, where doctors diagnosed as Brain Hemorrhage. On September 20, doctors declared Rita as brain dead.

On learning about brain dead patient, members of Donate Life, an NGO working for organ donation, contacted family members of Rita Kumar. After learning importance of organ donation, family members decided to go for the same. Liver, two kidneys and two eyes were donated to Donate Life.

The kidneys went to the Institute of kidney disease and research center (IKDRC) in Ahmedabad and they eyes were donated to Lokdrashti Eye Bank in Surat. IKDRC then was successful in transplanting one kidney to 10 years old Princy Patel from Halol town and another kidney to 58 years old Bawalal Chovatiya from Rajkot. Liver has been kept for research by IKDRC.

Nilesh Mandlewala, president of NGO Donate Life said: "When Rita Kumar's husband realized that the chances for his wife were non-existent, he decided to donate her organs than let her death be meaningless. This act signifies that there are people out there who are compassionate and rational, and who are willing to take steps to change someone's lives."

# ब्रेनडेड रीटाबेन ने किया अंगदान



सूरत। 19 सितंबर 2016 को शाम 6.30 बजे रीटाबेन के सिर में दर्द की शिकायत हुई व उल्टी के बाद बेहोश हो गयी। जिन्हें तुरंत महावीर ट्रॉमा अस्पताल में रात 8.45 बजे न्यूरोफिजिशयन के अधीन में उपचार हेतु भर्ती किया गया। सीटी स्कैन हुआ। मल्टीपल ब्रेन हैमरेज का निदान हुआ। उन्हें चिकित्सकों ने ब्रेनडेड घोषित कर दिया। डोनेट लाइफ को इसकी जानकारी दी गयी। डोनेट लाइफ की टीम ने अस्पताल पहुंचकर कुंज सुल्तानिया के साथ रहकर कामदार राज्य बीमा योजना (ईएसआईसी) सूरत में सोशल सिक्युरिटी ऑफिसर के तौर पर कार्यरत इन्द्रजीत कुमार को और परिवार के अन्य सदस्यों को अंगदान की जानकारी देकर इसका महत्व समझाया।

इन्द्रजीत कुमार ने कहा कि ऑर्गन डोनेशन का कार्य यह ईश्वरीय कार्य है। मैं सूरत में कामदार राज्य बीमा योजना (ईएसआई) में वर्ष 2013 से कार्यरत हूं और मेरी पत्नी बार-बार अखबारों में अंगदान के बारे में पढ़ती थी। मेरी पत्नी कहती थी कि यदि मेरा ब्रेनडेड हो तो मेरे अंगों का दान कर ऑर्गन असफलता के रोगियों को नवजीवन देना। इस तरह उन्होंने अपनी सहमति प्रदान की। रीटाबेन के पास से अहमदाबाद की आईकेडीआरसी के डॉ. सुरेश कुमार व उनकी टीम ने दो किडनी व लीवर का दान स्वीकार किया गया। जबकि चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक के डॉ. प्रफुल्ल शिरोया ने स्वीकार किया। दान में मिले एक किडनी पंचमहल जिले के हालोल गांव की प्रिन्सी किरणभाई पटेल उ.व. 10 व दूसरी किडनी राजकोट के निवासी कानालाल कालाभाई बोघटिया उ.व. 58 में ट्रान्सप्लान्ट किया गया। जबकि लिवर रिसर्च हेतु रखा गया है।

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

## મૂળ બિહારની સુરત રહેવાસી બ્રેઈનડેડ મહિલાનાં અંગદાનથી અન્યને નવજીવન મળ્યું





[illegible]

## કામદાર વીમા યોજનાના ઓફિસરે બ્રેઈનડેડ પત્નીનાં અંગોનું દાન કર્યું

» વર્તમાનપત્રોમાં અંગદાનના નિયમિત સમાચાર વાંચતી પત્નીની અંતિમ ઈચ્છા હતી

[illegible]

# સુરત EDICના અધિકારી ઈન્દ્રજીત કુમારના પત્નીના અંગદાનથી બેને જીવનદાન મળ્યું

સુરત, તા.૨૨

મૂળ બિહારના વતની અને સુરત ખાતે કામદાર રાજ્ય વીમા યોજનામાં સોશિયલ સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા યુવકની પત્ની બ્રેઈનડેડ જાહેર થઈ હતી. યુવકે પોતાની પત્નીના કિડની અને લીવરનું દાન કરતાં બેને જીવનદાન મળ્યુ હતું.

અલથાણમાં રહેતા અને કામદાર રાજ્ય વીમા યોજનામાં સોશીયલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવતા ઇન્દ્રજીત કુમારની પત્ની રીટાબેન ગત ૧૯મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૬:૩૦ કલાકે માથામાં દુખાવાની ફરિયાદ અને ઉલ્ટી થતા તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં રાત્રે ૮:૪૫ કલાકે ન્યુરોફિઝિશ્યન ડૉ. અનિરૂધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતા મલ્ટીપલ બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. જેમાં મંગળવાર તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડૉ. અમિત દેસાઈએ રીટાબેનને બ્રેનડેડ જાહેર કર્યા હતા.

મહાવીર હોસ્પિટલના R. M. O ડૉ. આશીની શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રીટાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.



ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કુંજ સુલતાનીયાની સાથે રહી કામદાર રાજ્ય વીમા યોજના (ESIC) સુરતમાં સોશ્યલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવતા ઇન્દ્રજીત કુમારને અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

રીટાબેનના પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પંચમહાલ જીલ્લાના હાલોલ ગામની પ્રીન્સી કિરણ પટેલ ઉ. વ. ૧૭ અને બીજી કિડની રાજકોટના રહેવાસી ભાવાભાઈ કાળાભાઈ ચોપડિયા ઉ.વ. ૫૮ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર રિસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

## માથાના દુ:ખાવા અને ઉલટીની ફરિયાદ બાદ રીટાનું મોત નીપજતાં ડોનેટ લાઈફના સહકારથી કિડની અને લીવરનું દાન કરાયું



**અંગદાન : બ્રેઈનડેડ રીટાબેનના અંગોએ પાંચ વ્યક્તિઓના જીવનમાં ઓજસ પાથર્યા**

# ESIC ઓફિસરના બ્રેઈનડેડ પત્નીના અંગોનું દાન કરાયું

**રીટાબેન ઘરમાં જ બેભાન થયા હતા : બે કિડની, બે ચક્ષુ તથા એક લિવરનું અન્યમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું**

[illegible]

# સિક્યુરિટી ઓફિસરે બ્રેનડેડ પત્નીના અંગોનું દાન કરી માનવતાની મહેક પ્રસારી



**ભાસ્કર વિશેષ** બિહારના વતની સિક્યુરિટી ઓફિસરે બ્રેનડેડ પત્નીના અંગો દાન કરતાં પંચમહાલના પટેલ પરિવારની બાળકી સહિત બેને નવજીવન

# પરિણીતાના કિડની દાનથી 2 બાળકીના જીવન ખીલી ઊઠ્યા



**પટેલ પરિવારની બાળકીમાં ટ્રાન્સપ્લાન્ટ**

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

# બિહારી મહિલાના અંગદાનથી બે જીંદગીમાં બહાર આવી

(પ્રતિનિધિદ્વારા) સુરત, ગુરૂવાર

મૂળ બિહાર અને હાલ જહાંગીરાબાદ રહેતી મહિલાની કિડની, લિવર અને આંખના દાનથી બિહારીબાબુઓને નવી પ્રેરણા મળી છે.

## મહિલાનું લીવર રીસર્ચ માટે રખાયું : બિહારી મહિલાના અંગદાનથી અન્ય બિહારી બિરાદરોને પ્રેરણા મળશે

પ્રાપ્ત વિગત મુજબ મૂળ બિહારના ભોજપુરના અરાના વતની અને હાલમાં જહાંગીરાબાદ કેનાલરોડ પર માઈલસ્ટોનમાં રહેતા રીટા ઈન્દ્રજીતકુમાર (ઉ.વ. ૩૯) ગઈ તા. ૧૮મી સાંજે માથામાં દુ:ખાવો અને ઉલ્ટી થતાં બેભાન થઈ ગયા હતાં.



તેથી તેમને સારવાર માટે અડવાગેટની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. જ્યાં ગત તા. ૨૦મીએ તેમને ડોકટરે બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં.

ડોનેટલાઈફની ટીમે રીટાના પતિ સહિત પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતા તેમની બે કિડની, લીવર અને ચક્ષુદાન મળ્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પંચમહાલના ૧૦ વર્ષીય પ્રિન્સી કિરણ પટેલ અને બીજી કિડની રાજકોટના બાવાલાલ કાળાભાઈ ચોવટીયા (ઉ.વ. ૫૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લીવર રિસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

ભોજપુર, બિહારના વતની કામદાર રાજ્ય વીમા યોજના (ESIC)

# સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા ઈન્દ્રજીતકુમારે તેમના ધર્મપત્ની બ્રેનડેડ રીટાબેનના અંગોનું દાન કરી

## માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી



સોમવાર તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રીટાબેનને સાંજે ૬:૩૦ કલાકે માથામાં દુખાવાની ફરિયાદ અને ઉલ્ટી થતા તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં રાત્રે ૮:૪૫ કલાકે ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે ?? સ્કેન કરાવતા મલ્ટીપલ બ્રેઇન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

મંગળવાર તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. અનીરુધ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડૉ. આશિષ દેસાઈએ રીટાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

મહાવીર હોસ્પિટલના ?. ?. ? ડૉ. ભાવીની શાહે ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રીટાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી કુંજ સુલતાનીયાની સાથે રહી કામદાર રાજ્ય વીમા યોજના સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી ઈન્દ્રજીત કુમારને અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

શ્રી ઈન્દ્રજીત કુમારે જણાવ્યું જણાવ્યું કે ઓર્ગન ડોનેશનનું કામ એ ઈશ્વરીયકાર્ય છે. હું સુરતમાં કામદાર રાજ્ય વીમા યોજનામાં વર્ષ ૨૦૧૩ થી ફરજ બજાવું છું. હું અને મારી પત્ની વારવાર વર્તમાન પત્રોમાં અંગદાન વિશે વાંચતા હતા. મારી પત્ની હંમેશા મને કહેતી હતી કે જો મારું બ્રેનડેડ થાય તો મારા અંગોનું દાન કરી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો. આવી આજે મારી પત્ની જ્યારે બ્રેનડેડ છે ત્યારે તેના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની IKDRCના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર દિવ્યેશ શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની IKDRCના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પંચમહાલ જીલ્લાના કાલોલ ગામની મોની દિનેશભાઈ પટેલ ઉ. વ. ૧૦ અને બીજી કિડની



ભોજપુર, બિહારના વતની કામદાર રાજ્ય વીમા યોજના (ESIC) સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા ઇન્દ્રજીતકુમારે તેમના ધર્મપત્ની બ્રેનડેડ રીટાબેન ના અંગોનું દાન કરી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી



માથામાં દુખાવાને લીધે મલ્ટીપલ બ્રેનના શિકાર બનેલા
રિટાબેન ઈન્દ્રજીત કુમારના અંગોનું દાન કરાયુ હતું.

# બ્રેનડેડ રીટાબેનના અંગોનું દાન કરી માનવતાની મહેંક પ્રસારી સમાજને નવી દિશા બતાવી

■ સુરત, તા. ૨૨

નામ :રીટા ઈન્દ્રજીતકુમાર(ઉ.વ. ૩૯) બ્લડ ગ્રુપ બી પોઝીટીવ

રહેવાસી : એમ-૨૦૩, માર્બલસ્ટોન, જહાંગીરાબાદ, કેનાલ રોડ, જકાતનાકા પાસે, એલ.પી.સ.વાણી, અડાજણ, સુરત.

મૂળ રહેવાસી : બાબુ બઝાર, આરા જિલ્લો : ભોજપુર (બિહાર),

કોટુંબિક વિગત : પતિ ઈન્દ્રજીત કુમાર (ઉ.વ. ૩૯)

વ્યવસાય : કામદાર રાજ્ય વીમા યોજના સુરતમાં સોશિયલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

પુત્ર: કૌસ્તુભ ઈન્દ્રજીતકુમાર (ઉ.વ. ૧૦)

અભ્યાસ : ધોરણ ૪ ડી.પી.એસ. સ્કુલ, તાપી.

બનાવની વિગત : સોમવાર તા. ૧૯ સપ્ટેમ્બર,૧૬નાં રોજ રીટાબેનને સાંજે ૬.૩૦ કલાકે



માથામાં દુખાવાની ફરીયાદ અને ઉલ્ટી થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને મહાવીર હોસ્પિટલમાં રાત્રે ૮.૪૫ કલાકે ન્યુરોફીઝીશીયન ડૉ. અનિરુદ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે સીટી સ્કેન કરાવતા મલ્ટીપલ બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું. મંગળવાર તા. ૨૦મીનાં રોજ ન્યુરોફિઝીશીયન ડૉ.અનિરુદ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈએ રીટાબેનને બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમ હોસ્પિટલ પહોંચી કુંજ સુલ્તાનીયાની સાથે રહી કામદાર રાજ્ય વીમા યોજના સુરતમાં સોશિયલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ઈન્દ્રજીતકુમારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું અને પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતાં નિલેશ માંડલેવાલાએ અમદાવાદની ટ્રાન્સપ્લાન્ટ કો.ઓ. પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું હતું.